15 YEARS OF CELEBRATING THE MAHATMA

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.rg

જા.નં.મા-૪/ખાતાકીય વસુલાત/૨૦૨૩-૨૪/ 668 તા.29/૦૧/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

**<u>વિષય</u>:-** ખાતાકીય ઓડીટ વસૂલાત અંગે
**<u>સંદર્ભ</u>:-** કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:હ૧/અડટ/જીઆઈએ/ખા.ઓ.વ/૨૦૨૩/૭૧૬-૫૦ તા.૧૩/૦૬/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના વર્ષ ૨૦૧૯-૨૦ સુધીના ખાતાકીય ઓડીટ વસૂલાતની રકમ જે શાળાઓને ભરવાની બાકી છે તો તેવી તમામ શાળાઓએ વસૂલાતની બાકી રકમ નીચેના જણાવેલ લાગુ પડતા હેડમાં **<u>તા.૩૦/૦૧/૨૦૨૪</u>** સુધીમાં ચલણથી ભરી ચલણની **<u>એક નકલ અસલમાં</u>** અત્રેની કચેરીના મા-૪ શાખામાં રૂબરૂ રજૂ કરવા જણાવવામાં આવે છે. જે નિભાવ અનુદાન લેતી શાળાઓની ખાતાકીય વસૂલાત નિભાવ ગ્રાન્ટમાંથી અત્રેથી વસૂલ કરેલ છે કે ચલણ દ્વારા ભરાયને વર્ષ-૨૦૧૯-૨૦ સુધીની ખાતાકીય ઓડીટ વસૂલાત શૂન્ય થઇ ગયેલ છે તેવી શાળાઓએ માહિતી આપવાની રહેતી નથી.

જિલ્લાની અનુદાનિત ફી વિકલ્પ સ્વીકારેલ શાળાઓને નિભાવ ગ્રાન્ટ મળતી ના હોવાથી તેઓની વર્ષવારની ખાતાકીય વસૂલાત નિભાવ ગ્રાન્ટમાંથી વસૂલ કરવામાં આવતી નથી જેથી ફી વિકલ્પવાળી તમામ શાળાઓએ વસૂલાતની રકમ ફરજિયાત ચલણથી ભરવાની રહેશે. જે શાળાઓ દ્વારા ઉક્ત સમયમર્યાદામાં વસૂલાતની રકમ ચલણથી ભરી અત્રે રજૂ કરવામાં નહિ આવે તો સંદર્ભદર્શિત પત્રથી મળેલ સુચના અન્વયે સદર શાળાને ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૬૪ ના નિયમ-૯૫ મુજબ કાર્યવાહી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

**0202 01 102 01 - શિક્ષણ અને અન્ય ફી**

**0202 01 102 02 - પરીક્ષા ફી**

**0202 01 102 03 - અન્ય પ્રાપ્તિ (૦૧ – અધિક ચૂકવણીની વસૂલાત, ૦૨ – પરચૂરણ પ્રાપ્તિ)**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ-સુરત

**<u>નકલ સવિનય રવાના:-</u>**

- માન.સયુંકત નિયામક(હિસાબ), કમિશ્નરશ્રી શાળાઓ ની કચેરી, ગાંધીનગર.